


# I love my Gandhinagar



## હું મારા ગાંધીનગરને બહુ ચાહું છું...









હું હાલમાં કચ્છ રહું છું પરંતુ ગાંધીનગરમાં હું ઘણા વર્ષોથી રહેતો હતો અને ત્યાં રહેવાની મજા આવે છે. ખૂબ જ સુંદર વાતાવરણ અને સ્વચ્છતાના કારણે મને ગાંધીનગર ગમે છે.

- સચીન ખરાડી



ગુજરાતનું પાટનગર જે સૌપ્રથમ આર્કિટેક્ટના પ્લાન મુજબ વિકસાવવામાં આવેલું શહેર છે. ખૂબ જ સ્વચ્છ, સુંદર, શાંત, સરળ શહેર જેની 'ગ્રીન ગાંધીનગર' તરીકેની ઓળખ છે, એટલે મને ગાંધીનગર પસંદ છે.

- ધીમંત શેઠ



ગાંધીનગરની હરિયાળી અને બે પાટનગરમાં સમાવેશ થયેલ રાંધેજા ગામમાં મને કુદરતનું સાનિધ્ય પ્રાપ્ત થાય છે. આનંદ છે કે હું આ નગરનો વાસી છું.

- જીગર પટેલ



ગાંધીનગરનું 'સાંઈ સ્પોર્ટસ સંકુલ' મને ગમતું સ્થળ છે. મારી પ્રિય રમત ફુટબોલનું સફળ શિક્ષણ મને અહીંયા મળી રહે છે. આઈ લવ ગાંધીનગર.

- રાજવીરસિંહ સોલંકી



ગાંધીનગર પશ્ચિમ ભારતના રાજ્યનું એક આયોજિત શહેર છે. જેમાં અક્ષરધામ એ એક વિશાળ હિન્દુ મંદિર છે. નગરમાં વિસ્તરેલા બગીચાઓમાં ફાઉન્ટેન શો ખૂબ સુંદર છે. દાંડી કુટીર સંગ્રહાલયમાં નેતાજી મહાત્મા ગાંધીજીના જીવનને નિશાન બનાવવામાં આવ્યું છે. એટલે મને ગાંધીનગર ગમે છે.

- સોનલ યાદવ



આપણા જીવનમાં સ્વચ્છતાનું ઘણું મહત્વ છે જ્યાં સ્વચ્છતા ત્યાં સુંદરતા મને ગાંધીનગરની સ્વચ્છતા અને સુંદરતા બહું જ ગમે છે.

- કંકુબેન ચૌધરી




ગાંધીનગર બિઝનેસ માટે બેસ્ટ લોકેશન છે. હું ઘણા વર્ષોથી ગાંધીનગરમાં બિઝનેસ કરું છું અહીંયાના લોકો એક્ટિવ હોય છે. ગાંધીનગરમાં બિઝનેસ કરવો હોય તો ચોક્કસપણે કરી શકાય તેમ છે. એટલે ગાંધીનગર મને ગમે છે.

- વિધી સુખડીયા



ગાંધીનગર શહેરને વિવધ સેક્ટરોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. અને આપણા શહેરની રચનામાં સિંધુ સંસ્કૃતિની એક અનોખી ઝલક જેવા મળે છે.

- અપેક્ષાબા ગોહિલ



ગાંધીનગરમાં મારો જન્મ થયો એનો મને ગર્વ છે. હું પોતે નસીબદાર છું તેવી ફીલ થાય છે. અહીંયાનું વાતાવરણ જેવું બીજે ક્યાંય ન મળે. સુંદર અને શાંત જગ્યા શોધવી ગાંધીનગર સિવાય ન જ મળે. શૈક્ષણિક સંસ્થાઓ, રમતગમત, રહેણી કરણી, જમવાનું, ફાસ્ટ ફૂડ, મંદિરો, બાગ બગીચાઓ, ઉદ્યાનો, માર્ગો અત્યંત પ્રિય છે. એટલે મને ગાંધીનગર ગમે છે.

- શ્વેતા ડામોર



ગાંધીનગર નામ સાંભળતા જ એક સુખદ અનુભૂતિનો અહેસાસ થાય છે. શિક્ષણમાં આગવી ઓળખ અને તેનું શાંત વાતાવરણ અનેક વિદ્યાર્થીઓને તેમના સપના સુધી પહોંચાડનાર આપણા દરેકનું સપનાનું શહેર ગાંધીનગર મારું પ્રિય છે.

- ધિરેન ચૌધરી (ટીચર)



શિયાળાની કડકડતી ઠંડીમાં કે પછી ઉનાળાની ગરમી હોય અને ચોમાસાની તો વાત જ ક્યાં કરવી, ચોમાસુ આવતા તો જાણે એને લીલી ચાદર ઓઢી લીધી હોય ને એવું લાગે છે. વસંત તો પૂછો જ નહીં વાત જેમ ફિલ્મ જગતમાં હીરો અને હીરોઈન એક એક મિનિટે કપડા બદલે એમ એક પછી એક વિવિધ રંગોના ફૂલો ખીલે છે. આજુબાજુ ખૂબ પ્રદૂષણ, ઘોંઘાટ, ગીચતા હોવા છતાં પણ પોતાની એક અલગ શાંતિ, સ્થિરતા, ડગલે ને પગલે જોવા મળતો કુદરતનો કેનવાસ અને પ્રકૃતિની ગોદ જે પોતાનામાં બધાંને આવરી લે એ ગાંધીનગર મને ખૂબ ગમે છે.

- હાર્દિક રાઠોડ



ગુજરાત રાજ્યના ખૂબ જ ઝડપથી વિકસી રહેલા કેપીટલ ગાંધીનગરના નાના આર્ટિસ્ટ (કલાકાર) તરીકે મારા દિલની વાત. એક ગુજરાતી ફિલ્મમાં બેકગ્રાઉન્ડ ડાન્સર થી મુંબઈ સીટી બોલીવુડ કોર્યોગ્રાફી સુધીના સફરમાં ગાંધીનગરનું ખૂબ યોગદાન છે. 'જન્મ ભૂમિ એ જ મારી કર્મ ભૂમિ' એવું મારા માતા-પિતા એ મને જન્મથી સમજાવેલું ત્યારથી આજ સુધી બીજા કોઈ સીટીને ધ્યાનમાં રાખ્યા વગર ફક્ત ગાંધીનગરને ઈન્ડિયા, નેશનલ અને ઈન્ટરનેશનલ સ્ટેજ પર એક લેવલ પર લઈ જવાની મારા સપનાને પંખ આપનાર હરિયાળા ગાંધીનગરને જેને સપનાની સીટી કહેવામાં કોઈ શંકાને સ્થાન નથી તેવા આપણા ગાંધીનગરને જન્મ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ.

- અભિરાજસિંહ ઝાલા (MRDC)
રિપ્રેઝન્ટ ગાંધીનગર, ગુજરાત (ઈન્ડિયા), અચિવમેન્ટ
(ઈન્ડિયન હીપહોપ ડાન્સ કોમ્પીટીશન-બ્રોન્ઝ
મેડાલિસ્ટ-૨૦૧૯, ગુજરાત ૧ વર્લ્ડ ક્વોલિફાઈડ ટીમ)



ગાંધીનગર મને ખૂબ જ ગમે છે. ગાંધીનગરમાં ગામ મળે ને શહેર પણ, વન મળે ને વગડો પણ મળે, ગાય મળે ને નીલગાય પણ મળે, મંદિર- મસ્જિદ - ચર્ચ - ગુરુદ્વારા સાથે વિવિધ ધર્મના દેવસ્થાનો પણ મળે ને મલ્ટીપ્લેક્સ, મોટામોટા મોલ પણ મળે, રમવા માટે ખુલ્લા વિશાળ મેદાનો મળે ને ભમવા માટે બાગ બગીચા- પુનિતવન અને પ્રકૃતિ ઉદ્યાન પણ મળે, બાલમંદિર, શાળા - કોલેજ તો મળે ને યુનિવર્સિટી પણ મળે, સચિવાલય, વિધાનસભા મળે ને સાથે જ સ્વર્ણિમ પાર્ક અને મહાત્મા મંદિર મળે, નદી-નાળા-કોતર-કેનાલ મળે ને તળાવ અને સરોવર પણ મળે તો ગાંધીનગર કેમ ના ગમે ?

- વ્યોમ અમીન (બિઝનેસમેન)



જો કોઈ એમ કહે કે હરિયાળીનું બીજું નામ તો હું ચોક્કસ કહું કે મારું ગાંધીનગર. જ્યાં મારા જીવનની શરૂઆત થઈ. આપણા ભારતના ઝંડાનો ત્રીજો કલર એટલે ગાંધીનગર જ્યાં નજર કરો ત્યાં માત્ર હરિયાળી જ જોવા મળે કદાચ ત્યાંથી પસાર થવાનું થાય તો આંખો મીંચીને નહી પણ આંખો ખુલ્લી રાખીને નજરમાં ભરી લેવાનું મન થાય જ્યાં ખુલ્લા મને શ્વાસ લેવાનું મન થાય તે મારી યાદોનો બગીચો એટલે ગાંધીનગર. I LOVE GANDHINAGAR.

- જીગીષા રોહિતકુમાર પ્રજાપતિ



મને ગાંધીનગર ગમે છે. કારણ કે,


G - ગ્રીનેસ્ટ કેપિટલ
A - એર ક્વોલિટી સરસ છે.
N - નેચર
D - દાંડી કુટિર મ્યુઝિયમ
H - હાઈવે સ્ટાઈલ અને શહેરના માર્ગો
I - ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ પ્રોજેક્ટ જેવા કે ગીફ્ટસીટી
N - નેચરલ પાર્ક જેવા કે પુનિત વન, ગીર ફાઉન્ડેશન
A - એક્ટિવિટી જેમ કે સાંઈ સ્પોર્ટસ સંકુલ, જીમખાના
G - ગ્રેટ સીટી તરીકે ગાંધીનગરનું ડેવલેપમેન્ટ
A - આર્કીટેક્ચરલ સ્ટ્રક્ચર જેવા કે વિધાનસભા, મહાત્મા મંદિર
R - રેલ્વે સ્ટેશન એટલે કે મોર્ડન ફેશિલિટિથી ભરપૂર કેપિટલ રેલ્વે સ્ટેશન

- મિહીર પંડ્યા (ડેન્ટલ સર્જન)
(શ્રધ્ધાદિપ ડેન્ટલ ક્લીનિક)



ગાંધીનગરમાં ગ્રીનરી સૌથી વધારે છે. નગરમાં અક્ષરધામ મંદિર, ઈન્દ્રોડા નેચરલ પાર્ક, સંત સરોવર, મહાત્મા મંદિર ફેમસ જોવાલાયક સ્થળો પૈકી એક છે. આવી પ્રકૃતિમાં રહેવાની મજા આવે છે. તેથી ગાંધીનગર મને ગમે છે.

- અનસ દાસ્તાન



ગાંધીનગરમાં હોટલો, ગાર્ડન, અક્ષરધામ મંદિર જેવા જોવાલાયક સ્થળો ઉપરાંત મહાત્મા મંદિર જે સૌથી બેસ્ટ છે. એકવાર તો ત્યાંની મુલાકાત કરવી જ જોઈએ. ગાંધીનગર બીજા બધા શહેરો કરતા વધારે સેફ છે. સ્ટ્રીટ ફૂડ ખૂબ જ ટેસ્ટી અને લાજવાબ છે. જેથી મને ગાંધીનગર ગમે છે.

- પ્રવિણ ચૌધરી

ગાંધીનગરનું ભવિષ્ય ઘણું ઉજળું છે. ગાંધીનગર ગુજરાતનું પાટનગર હોવા સાથે સ્માર્ટ સિટી બનવા જઈ રહ્યું છે. આથી સોનામાં સુગંધ ભળશે. નવું ગાંધીનગર ઝડપથી વિકસી રહ્યું છે. વિશ્વ કક્ષાની યુનિવર્સિટીઓ વિકાસ પામી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાનું ગિફ્ટ સિટી પણ આકાર ધરી રહ્યું છે. સાબરમતી નદીના સામા કાંઠાનો વિકાસ પણ હાથ ધરાશે. આ તો થઈ ગાંધીનગરના વિકાસની વાતો પણ આપણે સૌ જાણીએ છીએ કે વિકાસની સાથે અનેક પ્રશ્નો અને પડકારો પણ આવતા જ હોય છે. દેશ અને દુનિયાના અસંખ્ય નિષ્ણાતો અને શ્રમજીવીઓ તેમજ વિદ્યાર્થી યુવક-યુવતીઓનો પ્રવાહ ગાંધીનગરમાં વહી રહ્યો છે. તેથી અનેક સંસ્કૃતિઓનો સંગમ ગાંધીનગરમાં થવાનો છે. ગાંધીનગરના લોકો માટે પર્યાવરણ અને સંસ્કૃતિ બચાવવાના વિવિધ પડકારો ઉભા થઈ રહ્યા છે. નશાખોરી અને ગુનાખોરી સાથોસાથ વિકસી રહ્યા છે. આ માટે ગાંધીનગરવાસીઓએ જાગૃત રહેવાનું છે. સરકારી તંત્રે નાગરિકોની યોગ્ય સુરક્ષા માટે પોલીસ વ્યવસ્થા ગોઠવવાની છે. ગાંધીનગરના પર્યાવરણ અને શાંતિ બચાવવાની જવાબદારી તેના જાગૃત નાગરિક તરીકે વહન કરવા આપણે સૌ પ્રતિજ્ઞાબધ્ધ થઈએ. આપણે યાદ રાખીએ કે આપણે સૌ ગાંધીવિચારને વરેલા નાગરિકો છીએ.

- કુમુદબહેન દવે



ગાંધીનગર એટલે મારું શહેર. જ્યાં સાયકલ લઈને પહેલી વાર પગ છોલાયા, જ્યાં પહેલી વાર ગુજરાતી ભાષાનાં છાયડે બેસી જીવનનાં તડકા ઝીલ્યા, જ્યાં દુનિયા સામે ઊંચું માથું રાખતા શીખ્યા, જ્યાં પડતા પણ શીખ્યા અને ચડતાં પણ... શરીરમાં વીજળીની જેમ દોડે છે આ શહેરનું નામ, એના ઉનાળે ગરમાળાની પીળી ઠંડક છે, નિરસતા અને રસિકતા વચ્ચે અછાંદસ કવિતા અને છંદ બદ્ધ સરકારી કાગળોની નકલો સવિનય રવાના કરી ટાઉનહોલમાં તાળીઓની સૂચના પછી પડેલી તાળીઓ નું શહેર... આ શહેરની હવા રૂંવાડે રૂંવાડે ફૂંકાય ત્યારે ભીતર એક આખું યાદોનું નગર જીવતું થઈ જાય છે....મારું શહેર - ગાંધીનગર...

- ઉત્સવ પરમાર













